અંધારાના કારણે લિફ્ટના ખુલ્લા પેસેજમાં પટકાયેલા મનપાના ડે.ઈજનેરનું મોત

સુરત મહાપાલિકાના ઈલેક્ટ્રિક વિભાગમાં ફરજ બજાવતાં ડેપ્યુટી ઈજનેર દીપક વાઘેલા પાંડેસરામાં નવનિર્મિત હોસ્પિટલમાં ગયા હતા

હોસ્પિ.માં તેઓ મિત્રો સાથે મીટિંગ કરતા હતા ત્યારે લઘુશંકા માટે લિફ્ટના પેસેજમાં પહોંચી જતાં દુર્ઘટના સર્જાઈ

સુરતઃ પાંડેસરામાં નવી બંધાતી હોસ્પિટલના પહેલા માળેની લિફ્ટના પેસેજમાંથી નીચે પટકાતાં સુરત મહાપાલિકાના ઈલેક્ટ્રિક વિભાગના ડેપ્યુટી ઈજનેરનું મોત નિપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ રાજકોટ જિલ્લાના વતની દીપકકુમાર ટપુભાઈ વાઘેલા (ઉ.વ.45) હાલ પાંડેસરા-બમરોલી રોડ પર આવેલ આશીર્વાદ ટાઉનશિપમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતાં હતાં. 14 વર્ષથી સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી એન્જિનિયર તરીકે ફરજ બજાવતા હતાં. બુધવારે સાંજે તેઓ તેમના મિત્ર રજનીભાઈને મળવા માટે પાંડેસરા પિયુષ પોઈન્ટ પાસે આવેલા એચ.પી પેટ્રોલ પંપની બાજુના નવનિર્મિત હોસ્પિટલમાં ગયા હતા. ત્યાં દીપકકુમાર, રજનીભાઈ અને પાર્થ નામના મિત્રો વચ્ચે મીટિંગ યોજાઈ હતી. ચાલુ મીટિંગ દરમિયાન દીપકકુમાર કહે છે કે લઘુશંકા માટે બહાર નીકળ્યા હતાં ત્યારે લિફ્ટના પેસેજમાંથી નીચે પટકાતા મોત નીપજ્યું હતું. નવનિર્મિત હોસ્પિટલની બિલ્ડિંગમાં પૂરતો પ્રકાશ ન હોવાથી અંધારાના કારણે તેઓ લિફ્ટના ખુલ્લા પેસેજ પાસે પહોંચી ગયા અને સંતુલન ગુમાવતા પટકાયા હોવાનું અનુમાન હાલ પ્રાથમિક દ્રષ્ટિએ વ્યક્ત થઈ રહ્યું છે.

SD જૈનની જમીનનો વિવાદ PMOમાં જશે

અનેક વિવાદ અને દાવાઓ વચ્ચે પણ દેવરાજ જૈનએ બેરોકટોક જમીન ખરીદી તે પણ સૂચક છે

સુરતઃ શહેરના વેસુ વિસ્તારની વિવાદી એસ.ડી.જૈન સ્કૂલનું જમીન પ્રકરણ વિવાદની આગ પ્રસરાવી રહી છે.આ વિવાદીત જમીન પ્રકરણમાં છેલ્લા 3 દશકથી સરકારી તંત્ર અને પૈસાના જોરે માજી નૌસૈનિક હરિશભાઈ સાથે સાપસીડીની રમત ચાલતી હોય તે રીતે હુકમો ક્યારેક ફેવરમાં તો ક્યારેક વિરૂદ્ધમાં થતા આવ્યા છે.

વેસુ ચાર રસ્તા પાસે આવેલી એસડી જૈન સ્કૂલવાળી અરબો રૂપિયાની મોકાની જમીનના વિવાદમાં પહેલી વખતે મામલતદાર દ્વારા હરિશભાઈ વલ્લભભાઈ પટેલના ફેવરમાં હુકમ કરાયો હતો. ન્યાય માટે ઝઝૂમી રહેલા હરિશભાઈના જણાવ્યા મુજબ તેમના ફેવરમાં થયેલા આ હુકમની સામે પૈસાના જોરે જે તે સમયે કરપ્ટ સરકારી બાબુઓના પાપે પ્રાંત કચેરીમાં તેમની મામલતદારના હુકમ વિરુધનો ઓર્ડર થયો હતો. હુકમ સામે સુરત જિલ્લા કલેક્ટર સમક્ષ અપીલ દાખલ કરી હતી. કલેકટરે ગુણદોષના આધારે નિકાલ કરી મામલતદારના હૂકમને યોગ્ય ઠેરવ્યો હતો. જે બાદમાં મહેસુલ પંચની કોર્ટમાં પહોંચ્યો હતો. અને ત્યાં પૈસાના જોરે હરિશભાઈના વિરુધનો હુકમ થયો. હોવાનું હરીશભાઈએ આક્ષેપ કર્યો છે. આ કેસ અને દાવાઓની વચ્ચે વર્ષ 1988 માં દેવરાજ જૈનને આ જમીન હરિશભાઈના કાકા ભાણાભાઈએ વેચાણ આપી દીધી હતી. અને બાદમાં આ જમીનનો વિવાદ હજી પણ કોર્ટમાં પેન્ડીંગ છે. તેમ છતાં પારસ એજયુકેશન ટ્રસ્ટના દેવરાજ જૈનએ કયા સંજોગોમાં અને કયા હેતુ સાથે આ જમીન ખરીદી હતી તે પણ સમજી શકાય તેમ છે. વિવાદવાળી જમીન પાછળ કોઈ ટ્રસ્ટી લાંબુ ટૂંકુ રોકાણ કરે તે પણ એક સૂચક બાબત છે.

એક જમીનમાં હજી પણ માજી નૌસૈનિક હરિશભાઈ અને તેમના પરિવારના નામ

વેસુ વિસ્તારમાં બ્લોક નંબર 19, 20 અને 22માં આવેલી લગભગ 34,000 વાર જેટલી કિંમતી જમીન ઉપર એસડી જૈન સ્કૂલ બની છે. આ ત્રણેય બ્લોક નંબરમાં હરિશભાઈ અને તેમના પરિવારના નામને લઈને વિવાદ ચાલી રહ્યો છે. તેમના નામ એક વખત કાઢી નાખ્યા પછી ફરી દાખલ થયા હતા. જે વર્ષ 2018 સુધી હતા. પછી ફરી આ નામ કાઢી નાખવામાં આવ્યા હતા. જોકે એક બ્લોક નંબરમાં તેમના નામ હજી બોલાય છે. જે અન્ય બ્લોક નંબર માંથી તેમના નામ ખોટી રીતે દૂર કરાયા હોવાનો પુરાવો હોવાનું હરિશભાઈનું કહેવું છે.

માજી નૌસૈનિક હવે ન્યાય માટે પ્રધાનમંત્રીને પત્ર લખશે

હરિશભાઈ વલ્લભભાઈ પટેલ નૌસેનામાં માજી સૈનિક હતા. જો માજી સૈનિકને ન્યાય માટે આટલા વર્ષ સુધી વલખા મારવા પડતા હોય તો બીજા લોકોની શુ હાલત થતી હોય તે વિચારી શકાય છે. જોકે ન્યાય માટે અડધી જીંદગી ખપાવી દેનાર માંજી સૈનિક હવે પ્રધાન મંત્રી અને મુખ્યમંત્રીને પત્ર લખી આ વિવાદમાં ફોજદારી દાખલ કરવાની માંગણી કરવાના છે.

સંક્ષિપ્ત સમાચાર

લિંબચ ઉત્સવ સમિતિ, સોરઠીયા વાળંદ યુવક મંડળ દ્વારા ચૈત્રી આઠમની ઉજવણી

સુરતઃ સોરઠીયા વાળંદ સમાજ લીંબચ ઉત્સવ સમિતિ દ્વારા કતારગામ કોમ્યુનિટી હોલ ખાતે ગુરુવારે ચૈત્રી આઠમ નિમિત્તે સત્તત 26માં વર્ષે લિંબચ માતાજી નો હવન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે સોરઠીયા વાળંદ યુવક મંડળ દ્વારા પુણા ભૈયા નગર ખાતે લીંબચ માતા ના હોમ હવનનું આયોજન કરાયું હતું.આ પ્રસંગે સમાજના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ભક્તિભાવથી માતાજીની પૂજા અર્ચના કરી હતી.કાર્યક્રમમાં મોટીવેશનલ સ્પીકર લલિત બલદાણીયાએ પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું, જેમાં જીવનમાં સફળતા મેળવવા માટે ના માર્ગદર્શન સાથે યુવાનોને ઉત્સાહિત કર્યા હતા. ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સમાજના આગેવાનો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

સુરતમાં આગામી તા.29મીએ બિહાર દિવસની ઉજવણી કરાશે

સુરતઃ બિહાર ફાઉન્ડેશન, ગુજરાત ચેપ્ટર દ્વારા રવિવાર, ૨૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી ક્રિકેટ ગ્રાઉન્ડ, આરોગ્ય કેન્દ્ર પાસે, હજીરા રોડ, સુરત ખાતે બિહાર દિવસની ઉજવણી કરાશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ,બિહાર સરકારના કેબિનેટ મંત્રી, ડો. પ્રમોદ કુમાર ચંદ્રવંશી, બિહાર સરકારના ભૂતપૂર્વ મંત્રી નીરજ સિંહ બબલુ, ધારાસભ્ય સંદીપ દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આજે રાષ્ટ્રીય મહિલા પરિષદની પાલખીયાત્રા

સુરતઃ શ્રી રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવા માટે રાષ્ટ્રીય મહિલા પરિષદ દ્વારા એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે (ચૈત્ર સુદ નવમી) સવારે ૯:૦૦ કલાકે દ્વારકાધીશ સોસાયટીથી શ્રી ગોરાટ હનુમાન મંદિરે મહાઆરતી થશે. આ પાલખીયાત્રામાં શ્રી રામ પરિવારની વેશભૂષામાં સજ્જ નાના બાળકો માટે ખાસ બગીની વ્યવસ્થા કરવામાં આવી છે.

પંચમ્ ગ્રુપ દ્વારા રવિવારે દિલીપકુમાર-સાયરાબાનુનાં ફિલ્મી ગીતોની સ્પર્ધા યોજાશે

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા અભિનેતા દિલીપ કુમાર અને અભિનેત્રી સાયરાબાનુંના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ આગામી રવિવાર તા.૨૯મી માર્ચના બપોરે ૪થી૮ રાષ્ટ્રીય કલા કેન્દ્ર, નવા સાંઇબાબાના મંદિર પાસે, શાહપોર ચૌટાબજાર ખાતે રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી.

શ્રી શ્યામ મંદિરમાં કન્યા પૂજન અને હવનનું આયોજન કરાયું

સુરતઃ શ્રી શ્યામ સેવા ટ્રસ્ટ દ્વારા નવરાત્રિ નિમિત્તે ગુરુવારે સવા અગિયાર વાગ્યાથી શ્રી શ્યામ મંદિરના અંજની હોલમાં કન્યા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન બસોથી વધુ કન્યાઓનું પૂજન કરવામાં આવ્યું અને તેમને પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. ટ્રસ્ટ દ્વારા તમામ કન્યાઓને દક્ષિણા સાથે જીવન ઉપયોગી વસ્તુઓ પણ આપવામાં આવી હતી. આ અવસરે સાંજે સાત વાગ્યાથી મંદિરના પ્રાંગણમાં હવન કરવામાં આવ્યો હતો. હવનમાં કારોબારી સભ્યોએ આહુતિ આપી હતી.

જૈન શાસનની કોઈપણ આરાધના ગુણલક્ષી હોય છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

મુંબઈઃ મુંબઈના મલાડ (પૂર્વ) સ્થિત જીતેન્દ્ર રોડના શ્રી લબ્ધિનિધાન શાંતિનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં નવપદ ભક્તિ મહોત્સવ અંતર્ગત દ્વિતીય દિવસે 'સિદ્ધપદ' ઉપર પ્રવચન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી શ્રોતાઓ જોડાયા હતા. આ પાવન અવસરે આ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જૈન શાસનની કોઈપણ આરાધના વ્યક્તિલક્ષી નથી પણ ગુણલક્ષી હોય છે. નવપદ એ ગુણલક્ષી સાધના છે. દેહસૌન્દર્યના નિખાર માટે કોઈ સાધના કરવાની નથી પણ દેહાધ્યાસને તોડવા માટે સાધના કરવાની છે. મનને નિર્મલ કરવા માટે નવપદનું ધ્યાન ધરવાનું છે અને તનને સ્વસ્થ કરવા તપ કરવાનું છે.

સુરત ક્રિકેટ લીગ 2026 : ટોપ 4 ટીમ પ્લે ઓફમાં પ્રવેશી

સુરતઃ સુરત ક્રિકેટ લીગ - ૨૦૨૬ના લીગ તબક્કાનો સફળ સમાપન થતાં હવે ટૂર્નામેન્ટ એક રોમાંચક ચરણમાં પ્રવેશી છે. સતત સારું પ્રદર્શન અને સ્પર્ધાત્મક ભાવનાને કારણે ટોપ ૪ ટીમોએ પ્લેઓફમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે. પોઈન્ટ ટેબલમાં ગોપિન ડેવલપર્સ ટીમે ૬ મેચમાંથી ૪ જીત મેળવી અને ૧.૮૩૬ના ઉત્તમ નેટ રન રેટ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેમની પાછળ ઓમિસોલ પાર્થટેક્ષ ટીમ ૪ જીત સાથે જ છે, પરંતુ થોડા ઓછા NRR (1.834)ના કારણે બીજા ક્રમે રહી છે. ત્રીજા સ્થાને ગુલશન સ્ટ્રાઈકર્સ ટીમે સંતુલિત બેટિંગ અને મજબૂત બોલિંગ દ્વારા સ્થાન મેળવ્યું છે. જ્યારે ડુમસ ક્રિકેટ ક્લબ ટીમે લીગના અંતિમ તબક્કામાં સતત સારા પ્રદર્શનથી ચોથું અને અંતિમ પ્લેઓફ સ્થાન મેળવ્યું છે. ચારેય ટીમો ૮ પોઈન્ટ સાથે સમાપ્ત થયા, જેમાં નેટ રન રેટ અંતિમ સ્થાન નક્કી કરવામાં મહત્વપૂર્ણ સાબિત થયો.

ગોરાટના મો. મલેક અને ફાતિમા મલેકે રમજાન માસમાં 30 રોજા રાખ્યાં

સુરતઃ શહેરના ગોરાટ વિસ્તારમાં રહેતા અને ધોરણ-સિનિયર કેઝીમાં અભ્યાસ કરતા મોહમ્મદ મલેકએ રમજાન માસના 30 રોઝા રાખી અલ્લાહની બંદગી કરી હતી. જ્યારે ગોરાટ વિસ્તારમાં રહેતી અને ધો.2માં અભ્યાસ કરતી માત્ર 8 વર્ષની ફાતિમા મલેકે રમજાન માસના પૂરે પૂરા 30 રોજા રાખ્યા હતાં.

SVNIT સુરતમાં વિશ્વ જળ દિવસની ઉજવણી

સુરતઃ સુરત સ્થિત SVNIT ખાતે વિશ્વ જળ દિવસ નિમિત્તે જળ સંસાધન અને પર્યાવરણીય ઇજનેરી વિભાગ દ્વારા "તરસ્યા વિશ્વ માટે પાણી સુરક્ષિત કરવું" વિષયક વર્કશોપ યોજાયો. કાર્યક્રમમાં પાણી સંરક્ષણ, વૈશ્વિક જળ સંકટ અને ટકાઉ ઉકેલો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ડો. એસ. એમ. યાદવે પાણીના મહત્ત્વ પર ભાર મૂકતા કરી, જ્યારે વિભાગ વડા ડો. વી. એલ. માનેકરે સામૂહિક ભાગીદારીને અનિવાર્ય ગણાવી. ડિરેક્ટર ડો. અનુપમ શુક્લાએ જણાવ્યું કે SVNITમાં 33થી વધુ કૂવાઓ દ્વારા કૃત્રિમ રિચાર્જ સિસ્ટમ કાર્યરત છે, જે દર વર્ષે કરોડો લિટર પાણીનું પુનઃભરણ કરે છે. નિષ્ણાત સત્રોમાં IIT મદ્રાસના ડો. સૌમેન્દ્ર કુઇરીએ આધુનિક મોડેલિંગ સિસ્ટમ વિશે માહિતી આપી, જ્યારે જળ શક્તિ મંત્રાલય સાથે સંકળાયેલા ડો. આર. એન. સાંખુઆએ ભવિષ્યમાં પાણી સંકટ સામે ટેક્નોલોજી અને નીતિગત પગલાંની જરૂરિયાત દર્શાવી. વિદ્યાર્થીઓએ નદી પુનર્જાગરણ, માઇક્રોપ્લાસ્ટિક્સ, પાણી અને જાતિ સમાનતા જેવા વિષયો પર પ્રેઝન્ટેશન આપી નવી દિશા રજૂ કરી. સાથે જ ક્વિઝ અને ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ દ્વારા જાગૃતિ વધારવામાં આવી.

પોલીસ અધિકારીએ પોતાની દબંગગીરી પોલીસ સ્ટેશન પૂરતી રાખવી જોઈએ: હર્ષ સંઘવી

પરિવારને સમય આપવા પોલીસની ડ્યૂટી આઠ કલાકની હોવી જોઈએ

સુરતમાં પોલીસ આવાસ નિગમ દ્વારા નિર્મિત વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણમાં સી.આર., હર્ષ સંઘવીની ટકોર

ક્યા ક્યા પ્રકલ્પોનાં લોકાર્પણ કરાયાં

પ્રસંગે સુરતના વિવિધ વિસ્તારોમાં પોલીસકર્મીઓ માટે તૈયાર કરાયેલા આધુનિક આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પીપલોદ પોલીસ લાઈન ખાતે 192 ક્વાર્ટર્સ, હોર્સ રાઈડિંગ સ્કૂલ અને લાઈબ્રેરીનું ઉદ્ઘાટન કરાયું હતું. આ ઉપરાંત રાંદેર પોલીસ લાઈન, ભેસ્તાન પોલીસ સ્ટેશન, ACP જે-ડિવિઝન ઓફિસ અને લાજપોર જેલ ખાતેના વિવિધ બાંધકામો સહિત કુલ 116 કરોડના પ્રોજેક્ટ્સ જનતા અને પોલીસ દળને અર્પણ કરવામાં આવ્યા હતા.

સુરતઃ સુરત ખાતે ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા નિર્મિત 116 કરોડના વિવિધ પ્રકલ્પોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ હાજરી આપી પોલીસકર્મીઓના કલ્યાણ અને શિસ્ત બાબતે મહત્વના નિવેદનો આપ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલે પોલીસકર્મીઓના સ્વાસ્થ્ય અને કૌટુંબિક જીવનને ધ્યાનમાં રાખી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને ભલામણ કરી કે જો યોગ્ય આયોજન કરવામાં આવે તો 70 થી 80% પોલીસકર્મીઓને 8 કલાકની ફિક્સ ડ્યુટી આપી શકાય તેમ છે. પાટીલે ઉમેર્યું કે, સતત કામના કલાકો અને સમયની અનિયમितતાને કારણે પોલીસ જવાનો માનસિક તણાવ અને અનેક બીમારીઓનો શિકાર બને છે, જેમાંથી તેમને મુક્તિ આપવી અનિવાર્ય છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રમૂજી પણ ધારદાર અંદાજમાં ટકોર કરતાં કહ્યું કે, પોલીસની દબંગગીરી માત્ર પોલીસ સ્ટેશન સુધી જ સીમિત રહેવી જોઈએ, ઘરે કે સોસાયટીમાં નહીં. તેમણે પોલીસકર્મીઓની પત્નીઓને ઉદ્દેશીને હળવાશમાં જણાવ્યું કે, જો કોઈ પોલીસકર્મી ઘરમાં દબંગગીરી કરે કે તમારાથી ન સુધરે તો મને કહેજો, હું તેને સીધો કરવાની વ્યવસ્થા કરી આપીશ.

સુરત એરપોર્ટ પર મોટી દુર્ઘટના બનતી અટકી

ONGCના હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ, 13 મિનિટ એરપોર્ટ પર તડાફડી

બપોરે 3.14 કલાકે સુરત એરપોર્ટ ATCને ઈમરજન્સી કોલ આવ્યો ને તંત્ર દોડતું થયું અને 3.27 કલાકે હેલિકોપ્ટરે સેફ લેન્ડિંગ થતાં તમામે રાહતનો શ્વાસ લીધો

સુરતઃ શહેરના સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આજે એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી, જ્યારે ONGCના હેલિકોપ્ટરમાં ઉડાન દરમિયાન ટેક્નિકલ ખામી સર્જાતા ઇમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ, હેલિકોપ્ટરની હાઇડ્રોલિક સિસ્ટમમાં અચાનક ખામી ઊભી થતાં પાયલોટે બપોરે 3.14 કલાકે એર ટ્રાફિક કન્ટ્રોલ (ATC) ને ઇમરજન્સી કોલ કર્યો હતો. સ્થિતિની ગંભીરતા ધ્યાનમાં રાખીને એરપોર્ટ તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું હતું. ઇમરજન્સી પ્રોટોકોલ મુજબ રન-વે નજીક ફાયર બ્રિગેડની ગાડીઓ તેમજ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓએ પણ તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દીધી હતી, જેથી કોઈ અનિચ્છનીય ઘટના બને તો તરત જ કાર્યવાહી કરી શકાય.

આ દરમિયાન પાયલોટે ધીરજ અને કુશળતા દાખવી હેલિકોપ્ટર પર સંપૂર્ણ નિયંત્રણ જાળવી રાખ્યું હતું. અંતે બપોરે 3.27 કલાકે હેલિકોપ્ટરે સુરક્ષિત રીતે રન-વે પર ઉતરાણ કર્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું નથી. હેલિકોપ્ટર સલામત રીતે લેન્ડ થતાં એરપોર્ટ ઓથોરિટી અને સુરક્ષા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ ટેક્નિકલ ટીમ દ્વારા હેલિકોપ્ટરની વિગતવાર તપાસ કરવામાં આવી રહી છે.

મનપાનો છબરડો, ભરતીની જાહેરાતમાં ઈજનેરો માટે પણ ફિક્સ પે લખી દીધો

તાલીમાર્થી હોય તેને જ ફિક્સ પે આપવાનો હોય, ડે.કમિ. નિધી સિવાચના ધ્યાને લવાતાં નિયત પગારધોરણમાં સુધારો કરાયો

સુરતઃ સુરત મહાપાલિકા દ્વારા તાજેતરમાં ઈજનેરોની ભરતી માટે બહાર પાડવામાં આવેલી ભરતીની જાહેરાતમાં નિયત પગારધોરણને બદલે પ્રથમ ત્રણ વર્ષ માટે ફિક્સ પે લખવામાં આવતા મોટો વિવાદ થયો હતો. જોકે, બાદમાં 'ગુજરાતમિત્ર' દ્વારા ડે.કમિ. નિધી સિવાચના ધ્યાને આ છબરડો લાવવામાં આવતાં જાહેરાતમાં સુધારો કરવામાં આવ્યો હતો.

આ જાહેરાતમાં જે છબરડો થયો હતો તેમાં ક્લાસ-2 એટલે કે ઈજનેરોની ભરતીમાં રૂપિયા 18500નો ફિક્સ પે દર્શાવવામાં આવ્યો હતો. સામાન્ય રીતે પ્રથમ ત્રણ વર્ષ તાલીમાર્થી હોય તેને આ ફિક્સ પે લાગુ પડે છે. ઈજનેરોની નહીં.

વેબસાઈટ પર પ્રકાશિત થયેલી આ જાહેરાતને કારણે ભરતી માટે ઈચ્છુકો અસમંજસમાં પડી ગયા હતા. અગાઉ પણ મનપામાં ક્યારેય ક્લાસ-2ના અધિકારીઓમાં આ રીતે ફિક્સ પે દર્શાવાયું નથી. ડે.કમિ. નિધી સિવાચે ત્વરીત તપાસ કરી હતી અને બાદમાં આ ફિક્સ પેને બદલે સુધારેલું પગાર ધોરણ 44,900 થી 1,42,400 સુધીનો સુધારો કરવામાં આવ્યો હતો. જાહેરાતમાં સુધારો થતાં ઈચ્છુક ઈજનેરોને હાશકારો થયો હતો.

પરીક્ષા વચ્ચે વસતી ગણતરીની તાલીમ, શિક્ષણ કાર્ય રામભરોસે

મનપાની શાળાના શિક્ષકો પર કામગીરીનો વધારો

વસતી ગણતરી માટે 300થી વધુ આચાર્યો અને અનેક શિક્ષકોને ઓર્ડર

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકો અને આચાર્યો ફરી એકવાર શૈક્ષણિક કાર્યના બદલે વહીવટી અને રાષ્ટ્રીય ફરજોના ચક્રવ્યૂહમાં ફસાયા છે. તાજેતરમાં જ બી.એલ.ઓ (SIR) અને બોર્ડની પરીક્ષાની કામગીરી પૂર્ણ થયા બાદ હવે આગામી 'વસતી ગણતરી 2027' માટે શિક્ષકોની સાથે આચાર્યોને પણ જોતરી દેવામાં આવ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, આગામી 3 એપ્રિલથી શાળાઓમાં વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા શરૂ થઈ રહી છે, જેની સાથે જ વસતી ગણતરીની તાલીમનું આયોજન પણ ગોઠવવામાં આવ્યું છે.

આ સ્થિતિમાં પરીક્ષાના મહત્ત્વના સમયે શિક્ષકો અને આચાર્યો ફિલ્ડમાં અથવા તાલીમમાં વ્યસ્ત રહેશે, જેના પરિણામે વિદ્યાર્થીઓએ પોતાના માર્ગદર્શન માટે શિક્ષકોની શોધમાં ભટકવું પડશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

સત્રની શરૂઆતથી જ ઈતર પ્રવૃત્તિઓના ભારણ હેઠળ દબાયેલી સમિતિની શાળાઓમાં શિક્ષણનું સ્તર સતત કથળી રહ્યું હોવાની વ્યાપક ફરિયાદો પણ ઊઠી રહી છે.

શિક્ષણ સમિતિની શાળાઓમાં એક તરફ શિક્ષકોની પહેલેથી જ ઘટ છે, ત્યાં બીજી તરફ બોર્ડની પરીક્ષામાં 600થી વધુ શિક્ષકોને સુપરવિઝનમાં રોક્યા બાદ હવે વસતી ગણતરી માટે 300થી વધુ આચાર્યો અને અનેક શિક્ષકોના ઓર્ડર જારી કરી દેવામાં આવ્યા છે. વસતી ગણતરીની આ પ્રક્રિયા 28 ફેબ્રુઆરી સુધી ચાલનાર હોવાથી લાંબા સમય સુધી વર્ગખંડોમાં શિક્ષકોની હાજરી નહિવત જોવા મળશે. વાર્ષિક પરીક્ષા અને વસતી ગણતરીની તાલીમ એકસાથે આવતા વહીવટી તંત્રની આયોજનબદ્ધતા સામે પણ સવાલો ઊભા થયા છે. શિક્ષકોની મોટી સંખ્યામાં ગેરહાજરીને કારણે ફરી એકવાર શાળામાં હાજર રહેલા જૂજ શિક્ષકોએ બે કે તેથી વધુ વર્ગો સંભાળવાની નોબત આવશે. સરકારી કાર્યક્રમો અને રાષ્ટ્રીય કામગીરીના અતિરેક વચ્ચે સુરતના સરકારી શાળાના બાળકોનું શિક્ષણ અને ભવિષ્ય જોખમમાં મુકાઈ રહ્યું હોય તેવું ચિત્ર સ્પષ્ટપણે ઉપસી રહ્યું છે.

ગ્લોબલ માર્કેટનો વેપારી રૂ.9.61 લાખનો માલ લઈ દુકાન બંધ કરી ફરાર

સુરતઃ મૂળ રાજસ્થાનના વતની અને હાલ વેસુ વીઆઈપી રોડ સ્થિત મણીભદ્ર હાઈટ્સમાં રહેતા દેવકુમાર કાંતિલાલ જૈન સારોલીની આરઆરટીએમ માર્કેટમાં 'નીરવાની એન એક્સ' નામે કાપડનો વ્યવસાય કરે છે. ગત જુલાઈ ૨૦૨૫ માં તેમના સંપર્કમાં ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટમાં 'શ્રી શ્યામ ટેક્સટાઈલ' નામે પેઢી ધરાવતો પ્રકાશ ભટ્ટર આવ્યો હતો. શરૂઆતમાં પરિચય કેળવી પ્રકાશ ભટ્ટરે દેવકુમારને વિશ્વાસમાં લીધા હતા. ઠગબાજ પ્રકાશે દેવકુમારની પેઢીમાંથી કુલ ૯,૬૧,૦૦૦ની કિંમતનો ફિનિશ્ડ કાપડનો માલ ખરીદ્યો હતો. દેવકુમારે પોતાના બાકી નીકળતા ૯.૬૧ લાખની ઉઘરાણી કરી, ત્યારે પ્રકાશે વાયદા કર્યા હતા. અંતે દુકાન બંધ કરી ફરાર થઈ ગયો હતો. દેવકુમાર જૈને સારોલી પોલીસમથકે ફરિયાદ આપતા પોલીસે પ્રકાશ વિરુદ્ધ વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સ્મીમેરફોરેન્સિકવિભાગનાબોગસ સર્ટિફિકેટ મામલે તપાસના આદેશ

એરપોર્ટ પાસેથી ડોક્યુમેન્ટ મંગાવી વેરિફિકેશન થશે, તંત્ર હરકતમાં આવ્યું

સુરતઃ સ્મીમેરમાં ફોરેન્સિક વિભાગની બેદરકારીને લીધે એરપોર્ટ ઉપર મૃતદેહ અટવાઈ જવાની અને બે વખત સર્ટિફિકેટ રજૂ થવાની ઘટના બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. સ્મીમેરના સત્તાધિશોએ એરપોર્ટ પાસેથી આ કેસના ડોક્યુમેન્ટ મંગાવી વેરિફાઈ કરવા નિર્ણય લીધો છે. સ્મીમેરમાં સામે આવેલા બેદરકારીના કિસ્સામાં હવે નવા અપડેટ્સ સામે આવ્યા છે. બોગસ સર્ટિફિકેટ અને ખામીયુક્ત એમ્બાલ્મીંગ મામલે હોસ્પિટલ તંત્ર હરકતમાં આવ્યું છે. ફોરેન્સિક વિભાગના ડૉ. પ્રણવ પ્રજાપતિ એ જણાવ્યું હતું કે, આ સમગ્ર ઘટનામાં એરપોર્ટ સત્તાધિકારીઓ પાસેથી સંબંધિત સર્ટિફિકેટ અને ડોક્યુમેન્ટ મંગાવવા માટે પત્ર લખવામાં આવશે. ત્યારબાદ આ તમામ દસ્તાવેજોની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવશે. આ ઘટનાએ સ્મીમેર હોસ્પિટલની સુરક્ષા અને વ્યવસ્થાપન પર પણ પ્રશ્નો ઊભા કર્યા છે. ખાસ કરીને પીએમ રૂમની બહાર ઊભા રહેતા એમ્બ્યુલન્સ ચાલકોની ભૂમિકા શંકાસ્પદ માનવામાં આવી રહી છે.

વિવાદિત એમ્બ્યુલન્સ ચાલક વિજય ફરી સક્રિય

આ સમગ્ર ઘટનામાં વિજય નામનો વિવાદિત એમ્બ્યુલન્સ ચાલક ફરી ચર્ચામાં આવ્યો છે. જાણકારી મુજબ, તેની સામે થોડા દિવસ પહેલાં પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી અને તેને સ્મીમેરમાંથી દૂર કરવામાં આવ્યો હતો. તેમ છતાં, તે ફરી હોસ્પિટલ પરિસરમાં આવીને પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી રહ્યો હોવાનું સામે આવ્યું છે, જે ગંભીર બાબત માનવામાં આવી રહી છે. વિજય દ્વારા જ આ બોગસ સર્ટિફિકેટ અને નવું કોફિન પેકિંગ કરાવવાનો ખેલ થયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પરિસ્થિતિમાં તેની સામે કડક પોલીસ કાર્યવાહી તેમજ હોસ્પિટલ તંત્રની જવાબદારી નિશ્ચિત કરવાની માંગ ઉગ્ર બની રહી છે.

મચ્છરમુક્તિ માટે મનપાનું 'ડ્રોન અસ્ત્ર' સફળ: હવે 180 ચોરસ કિમીમાં દવાનો છંટકાવ

મનપા દ્વારા સરવે રિપોર્ટ મંગાવી નવી